# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-03-2024 સવાર : 7.45 થી 7.55

વાર : સોમવાર

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*************************************************

- લોકસભા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત બાદ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ – રાજકીય પક્ષો દ્વારા વિવિધ ચૂંટણી રેલીઓનું આયોજન
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશમાં ચૂંટણી રેલીને સંબોધતાં કહ્યું કે, એનડીએ પ્રાદેશિક આંકક્ષાઓ અને રાષ્ટ્રીય પ્રગતિને ધ્યાનમાં રાખીને આગળ વધી રહ્યું છે
- કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મુંબઈના શિવાજી પાર્ક ખાતે ઇન્ડિયા ગઠબંધન રેલીને સંબોધતાં કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું
- ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને દર્શાવતો સૌથી મોટો કાર્યક્રમ સ્ટાર્ટઅપ મહાકુંભ આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે.
- ભારતીય નૌકાદળે અરબી સમુદ્રમાં એક વિશેષ અભિયાન અંતર્ગત 17 ક્રૂ સભ્યોને બચાવ્યા
- મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરએ ખિતાબ જીત્યો

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM Andhra

લોકસભાની ચૂંટણી જાહેર થતાં જ રાજકીય પક્ષોએ ચૂંટણી રેલીઓ યોજવાનો પ્રારંભ કર્યો છે. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે તેલંગાણાના જગતિયાળ ખાતે વિજય સંકલ્પ સભા સંબોધશે. શ્રી મોદી આજે સાડા અગિયાર વાગ્યે જગતિયાળના ગીતા વિદ્યાલય મેદાન ખાતે જાહેર સભા સંબોધશે. નિઝામાબાદ, કરીમનગર અને વેદ્રાપલ્લી સંસદીય ક્ષેત્રના ભાજપના ઉમેદવારો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આંધ્રપ્રદેશના વલનાડુ જિલ્લામાં એનડીએની પ્રથમ ચૂંટણી સભાને સંબોધતા કહ્યું કે, એનડીએ પ્રાદેશિક આકાંક્ષાએ અને રાષ્ટ્રીય પ્રગતિને ધ્યાનમાં રાખીને આગળ વધી રહ્યું છે.

તેમણે કહ્યું કે, સરકાર ખેડૂતોની નાનામાં નાની જરૂરિયાતો પર ધ્યાન આપી રહી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત ખેડૂતોને 700 કરોડ રૂપિયાથી વધુની ધનરાશિ ઉપલબ્ધ કરાવાઈ છે. તેમણે નાગરિકોને વિકસિત ભારત માટે એનડીએને ચૂંટવા અનુરોધ કર્યો.

આ ચૂંટણી રેલીમાં તેમના સાથી પક્ષો તેલુગુ દેશમ પાર્ટી નાવડા ચંદ્રાબાબુ નાયડુ તથા જનસેના પાર્ટીના વડા પવન કલ્યાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# INDIA-ALLIANCE-RALLY.rtf

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે વર્તમાન ચુંટણીમાં માત્ર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે નહીં પણ બે વિચારધારાઓ વચ્ચે લડાઈ છે. દક્ષિણ મુંબઈમાં ગઇકાલે એક સભાને સંબોધતા શ્રી ગાંધીએ આ મુજબ જણાવ્યુ હતું. તેમણે મુંબઈમાં મહાત્મા ગાંધીના નિવાસસ્થાન મણિ ભવનથી ઓગસ્ટ ક્રાંતિ મેદાન સુધી ‘ન્યાય સંકલ્પ પદયાત્રા’ યોજી હતી.

શ્રી ગાંધીએ મુંબઈમાં તેમની 63 દિવસ સુધી ચાલેલી ભારત જોડો ન્યાય યાત્રાનું સમાપન ચૈત્યભૂમિ ખાતે ડૉ બી આર આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી બંધારણની પ્રસ્તાવના વાંચીને કર્યું હતું. તેમણે મુંબઈના પ્રતિષ્ઠિત શિવાજી પાર્ક ખાતે આઇ.એન.ડી.આઈ.એ. ગઠબંધનની રેલીને સંબોધિત કરી હતી.

રેલીમાં એનસીપીના શરદ પવાર, શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, તમિલનાડુના મુખ્યમંત્રી અને ડી.એમ.કે.ના વડા એમ.કે સ્ટાલિન, ઝારખંડના મુખ્યમંત્રી અને જે.એમ.એમ.ના નેતા ચંપાઈ સોરેન, આરજેડી નેતા તેજસ્વી યાદવ, નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લા, આમઆદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજ, પીડીપી નેતા મહેબૂબા મુફ્તી સહિત ગઠબંધનના અગ્રણી નેતાઓ હજાર રહ્યા હતા .

# Startup-Mahakumbh

ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને દર્શાવતો સૌથી મોટો કાર્યક્રમ સ્ટાર્ટઅપ મહાકુંભ આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે. આ કાર્યક્રમ નવી દિલ્હીમાં 20મી માર્ચ સુધી યોજાશે.

આ કાર્યક્રમમાં આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ, B2B, એગ્રીટેક, ડીપટેક, ક્લાઇમેટ ટેક, ગેમિંગ, એસ્પોર્ટ્સ, ફિનટેક, ઇન્ક્યુબેટર્સ અને એક્સિલરેટર્સ પર પેવેલિયનો હશે.

નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં બોલતાં DPIIT સેક્રેટરી રાજેશ કુમાર સિંહે જણાવ્યું હતું કે આ પ્રકારની પ્રથમ ઇવેન્ટ છે જે રાષ્ટ્રીય રાજધાનીમાં આટલા મોટા પાયા પર આયોજિત કરવામાં આવી રહી છે.

શ્રી સિંઘે જણાવ્યું હતું કે ભારતમાં ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે અને દરરોજ મોટી સંખ્યામાં સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ આ યાદીમાં ઉમેરાઈ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં ભાગ લે તેવી શકયતા છે. આ મેગા ઈવેન્ટમાં બે હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ, ત્રીસ હજાર ભાવિ સાહસિકો, પચાસ હજાર વેપાર જગતના મુલાકાતીઓ, હજારો રોકાણકારો અને પાંચસોથી વધુ ઈન્ક્યુબેટર્સ અને ડેલિગેશન્સ ભાગ લેશે.

# INDIA-MALDIVES-HLCG.rtf

ભારત-માલદીવ્સ ઉચ્ચ-સ્તરીય કોર જૂથની ત્રીજી બેઠક ગઇકાલે માલેમાં યોજાઈ ગઈ. બંને દેશો એ માલદીવના લોકોને માનવતાવાદી સેવાઓ પૂરી પાડતા ભારતીય ઉડ્ડયન મંચના સતત સંચાલનને સક્ષમ કરવા માટે ભારતના ટેકનિકલ કર્મચારીઓની પ્રતિનિયુક્તિની સમીક્ષા કરી હતી.

એક સત્તાવાર નિવેદનમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન, બંને પક્ષોએ દ્વિપક્ષીય સહયોગ સંબંધિત વ્યાપક મુદ્દાઓ પર ચર્ચાઓ કરી હતી. ચર્ચામાં દ્વિપક્ષીય વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા અને ભારત અને માલદીવ વચ્ચે લોકો-થી-લોકો વચ્ચેના જોડાણને વધારવાના પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પરસ્પર અનુકૂળ તારીખે નવી દિલ્હીમાં ઉચ્ચ-સ્તરીય કોર જુથની આગામી બેઠક યોજવા સંમતિ સધાઈ હતી.

# Navy

અરબી સમુદ્રમાં ભારતીય નૌકાદળે એક વિશેષ અભિયાન અંતર્ગત 17 ક્રૂ સભ્યોને બચાવી લીધા છે અને ચાંચિયાઓને કસ્ટડીમાં લીધા છે. નૌકાદળે લગભગ 40 કલાક લાંબી ચાલેલી કાર્યવાહીમાં યુદ્ધ જહાજ INS કોલકાતાની મદદથી આ અભિયાન પાર પાડ્યું છે.

નૌકાદળના અધિકારીઓએ જણાવ્યું કે, નૌકાદળે ચાંચિયાઓને આત્મસમર્પણ કરવાની ફરજ પાડી હતી અને ગઈકાલે વ્યાપારી જહાજ એમવી રૂએનમાંથી 17, ક્રૂ સભ્યોને બચાવી લીધા હતા. હવે આ વ્યાપારી જહાજ અને કસ્ટડીમાં લેવાયેલા ચાંચિયોને પણ ભારત લાવવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગત ડિસેમ્બર માસમાં વ્યાપારી જહાજને હાઈજેક કરવામાં આવ્યું હતું. જેને ગત શુક્રવારે ભારતીય નૌકાદળે અટકાવ્યું ત્યાં સુધી તે સોમાલી પાઇરેટ્સના નિયંત્રણમાં હતું.

# KEJRIWAL

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED એ દિલ્હી જળ બોર્ડમાં કથિત અનિયમિતતા અંગેના મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ પાઠવ્યા છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે તેમને આજે તપાસ એજન્સી સમક્ષ હાજર થઈને તેમનું નિવેદન નોંધવા કહેવામાં આવ્યું છે.

ઇડીએ દિલ્લી જળ બોર્ડ કેસમાં દિલ્હી સરકારના આ વિભાગ દ્વારા જાહેર કરાયેલા કોન્ટ્રાક્ટ માંથી મળેલી રકમ AAPને ચૂંટણી ભંડોળ તરીકે આપવામાં આવી હોવાનો આરોપ મૂક્યો છે. ગયા મહિને, એજન્સીએ આ તપાસના ભાગરૂપે શ્રી કેજરીવાલના અંગત મદદનીશ સહિત કેટલાક અન્ય લોકોના ઘર પર દરોડા પાડ્યા હતા.

ઉલ્લેખનીય છેકે શ્રી કેજરીવાલ ઉપર મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આ બીજો કેસ નોંધાયો છે જેમાં કેજરીવાલને સમન્સ પાઠવવામાં આવ્યા છે. ઇડી એ આ મહિનાની 21મી તારીખે એક્સાઇઝ પોલિસી કેસમાં કેજરીવાલને હાજર થવા માટે નવમી નોટિસ મોકલી છે.

# PM-FORMULA-CAR-SHOW-J-K.rtf

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીનગરમાં દાલ સરોવરના કિનારે આયોજિત સૌપ્રથમ ફોર્મ્યુલા-4 કાર શો નિહાળીને ખુશી વ્યકત કરી છે. તેમને કહ્યું કે જમ્મુ અને કાશ્મીરની સુંદરતા પ્રદર્શિત કરવામાં આ પ્રદર્શન વધુ મદદ કરશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું, આ શો ભારત મોટરસ્પોર્ટ્સને ખીલવા માટે ઉત્તમ તકો પ્રદાન કરે છે અને શ્રીનગર તે સ્થાનોમાં ટોચ પર છે. ઉલ્લેખનિય છે કે ગઇકાલે શ્રીનગરના દાલ તળાવના કિનારે પ્રથમવાર ફોર્મ્યુલા 4 કાર શો યોજાયો હતો.

# AM SHEIKH-ALAMGIR-CBI.rtf

કેન્દ્રિય અન્વેક્ષણ બ્યૂરો - CBIએ સંદેશખાલીમાં પ્રવર્તન નિદેશાલય-ઈડીના અધિકારીઓ પર કરાયેલા હુમલામાં કથિત સંડોવણી બદલ શેખ શાહજહાંના ભાઈ શેખ આલમગીરની ધરપકડ કરી છે. જેને પાંચ દિવસની કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે. સીબીઆઈએ ગઈકાલે આલમગીર સહિત અન્ય બે આરોપીયોની ધરપકડ કરી હતી. આ ધરપકડોને કેસમાં નિર્ણાયક પ્રગતિ તરીકે જોવામાં આવી રહી છે.

# WPL.rtf

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગની ગઈકાલે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાંયેલી ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરએ દિલ્હી કેપિટલ્સને 8 વિકેટે હરાવ્યુ છે. 114 રનના લક્ષ્યાંકનો પીછો કરતા બેંગલોરની ટીમે 19.3 ઓવરમાં 2 વિકેટે 115 રન બનાવ્યા હતા. ટીમ માટે એલિસ પેરીએ સૌથી વધુ 35 રન જ્યારે સોફી ડિવાઈને 32 અને સ્મૃતિ મંધાનાએ 31 રન બનાવ્યા.

આ પહેલા પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કરતા દિલ્હી કેપિટલ્સ 18.3 ઓવરમાં 113 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. દિલ્હી કેપિટલ્સ તરફથી શેફાલી વર્માએ સૌથી વધુ 44 રન બનાવ્યા હતા. સોફી મોલિનેક્સને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી.

# AFGHANISTAN ACCIDENT

અફઘાનિસ્તાનમાં હેરાત-કંદહાર હાઈવે પર એક માર્ગ અકસ્માતમાં 21 લોકોના મોત થયા છે અને 38 લોકો ઇજાગ્રસ્ત થયા છે. ઇજાગ્રસ્તોમાંથી 11ની હાલત ગંભીર છે. આ ઘટના ગઈકાલે હેલમંડ પ્રાંતના ગ્રીષ્ક જિલ્લાના યાખચલ વિસ્તારમાં બની હતી.

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે અકસ્માત ત્યારે થયો હતો જ્યારે એક બસ એક મોટરસાઇકલ સાથે અથડાઈ હતી, જે પાછળથી ઓઈલ ટેન્કર સાથે અથડાઈ હતી, જેના કારણે બંને વાહનોમાં આગ લાગી હતી. ઇજાગરસ્તોને લશ્કરગાહ શહેરની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા.

# CHINE AAG

ચીનના સિચુઆન પ્રાંતના જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે વિશાળકાય પાંડા અને ઘણી દુર્લભ પ્રજાતિઓ જોખમમાં છે.

ચીનના સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે શુક્રવારે યાજિયાંગ જંગલમાં આગ લાગી હતી અને તેજ પવનને કારણે સમગ્ર જંગલ વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. જેના કારણે 11 ગામોને નુકસાન થયું છે અને ત્રણ હજારથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં કોઈ જાનહાનિની માહિતી મળી નથી.